# સાબરકાંઠામાં કોરોના વાવાઝોડું : નવા ૧૭ પોઝિટિવ કેસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
સાબરકાંઠામાં એપ્રિલના આરંભ સાથે કોરોના વાવાઝોડાની સ્થિતિ છે. બીજા દિવસે ૧૭ નવા પોઝિટિવ કેસ સામે આવતાં આરોગ્ય તંત્ર ચિંતિત બન્યું છે. જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વધતા કોરોનાના કહેરના કારણે પ્રજા સ્વયં લૉકડાઉનનો માર્ગ અપનાવે તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે.

વર્ષ-૨૦૨૦ કરતાં પણ વર્ષ-૨૦૨૧માં કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બનતું હોય તેવું ચિત્ર છેલ્લા એક પખવાડીયાથી સામે આવ્યું છે. સ્થાનિક સ્વરાજયના ચૂંટણી જંગમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનો ઠેકઠેકાણે ભંગ થયો તેનાં ગંભીર પરિણામો જિલ્લાની પ્રજા ભોગવી રહી છે. સાબરકાંઠામાં કોરોનાની સ્થિતિ કાબુ બહાર જઈ રહ્યાનું ચિત્ર છે. આરોગ્ય વિભાગના દફતરે તા.૨ એપ્રિલના રોજ ૧૭ નવા પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે. કોરોના ઠેકડા મારતો સોસાયટી વિસ્તારથી માંડી ગ્રામ્ય વિસ્તાર સુધી પગપેસારો કર્યો છે. હિંમતનગરની સંકલ્પ સોસાયટી, અવની પાર્ક, અશ્વમેઘ સોસાયટી, કૈલા દેવી સોસાયટી, પાર્થ સોસાયટી, રાધે ગોવિંદ ફાર્મ તેમજ તલોદની અજંટા સોસાયટી, પ્રાંતિજના મૌછા, તાજપુર, સીતવાડા, વડાલીના પ્રગતિનગર, ઈડરના બોલુંન્દ્રા, ગોરલમાં કોરોના પોઝિટિવ કેસ સામે આવતાં કેટલાક વિસ્તારો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મૂકવામાં આવ્યા છે.

## મોડાસામાં ધો.૧૨ની પ્રેક્ટીકલ પરીક્ષા લેનાર બે શિક્ષકો કોરોનાગ્રસ્ત

### શૈક્ષણિક સંકુલમાં કોરોના છતાં પરીક્ષાઓ ચાલુ, વિદ્યાર્થીઓની જીંદગી સાથે રમત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
જિલ્લામાં કોરોના વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. મોડાસાના શૈક્ષણિક સંકુલમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પ્રેક્ટીકલની પરીક્ષા લેનારા સરસ્વતી હાઈસ્કુલ-મોડાસા અને પી.સી.એન. હાઈસ્કુલ-મેઘરજના ૧-૧ વિષય શિક્ષક કોરોનાગ્રસ્ત હોવાનું બહાર આવતાં શિક્ષક આલમમાં હલચલ મચી છે. અગાઉ મોડાસામાં જ આચાર્ય સહિત ૮ કર્મી કોરોનાગ્રસ્ત હોવાનું બહાર આવ્યું હતું લાગે છે કે શિક્ષણ વિભાગ વિદ્યાર્થીઓની જીંદગી સાથે રમત રમી રહ્યું છે. કોરોનાના વધતા કહેરથી સ્થાનિક શાળાઓમાં જ પ્રેક્ટીકલ પરીક્ષા પૂરી કરવા આદેશ આપવો જોઈએ તેવું કેટલાક વાલીઓએ જણાવ્યું છે.

ધો.૧૨ બોર્ડ પરીક્ષા આવતા મહિને યોજાવવાની છે તે અગાઉ પ્રેક્ટીકલ પરીક્ષા શરૂ થઈ છે. પ્રેક્ટીકલ પરીક્ષાનું ગુણાંકન તા.૧૧ માર્ચ પહેલાં બોર્ડને મોકલી આપવાની પણ સૂચના આપવામાં આવી છે. પરંતુ મોડાસામાં એક પછી એક શૈક્ષણિક સંકુલોમાં કોરોનાના પગપેસારાએ ટ્રસ્ટી મંડળ અને વાલીઓની ઉંઘ હરામ કરી દીધી છે. આમ તો સરકાર દ્વારા કોરોનાના વધતા સંક્રમણને ધ્યાને રાખી જાહેર સેવા આયોગની પરીક્ષામાં ફેરફાર કે રદ થતી હોય તો પછી ધો.૧૨ પ્રેક્ટીકલ પરીક્ષાનું એટલું બધું મહત્વ નથી કે પરીક્ષા યોજવાની હઠ લેવી પડે. કોઈ વિદ્યાર્થીની જીંદગી કોરોનામાં હોમાશે ત્યારે જ બોર્ડને કોરોનાની ગંભીરતાનો ખ્યાલ આવશે.

## કોરોનાનો સકંજો : અરવલ્લીમાં બે દિવસમાં ૧૯,૦૦૦ લોકોને કોરોના વેક્સિન

### આડઅસરના જૂજ બનાવ, આરોગ્ય વિભાગનું અભિયાન રંગ લાવી રહ્યું છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
ગુજરાત સહિત અરવલ્લી જિલ્લો કોરોનાના અજગરી ભરડામાં આવી રહ્યો છે. કોરોનાની બીજી લહેરમાં જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારો વધુ સકંજામાં આવી શકવાની દહેશત છે ત્યારે સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા ૪૫ વર્ષથી વધુની ઉંમરના લોકોને તા.૧ એપ્રિલથી કોરોના વેક્સિનેશનનો પ્રથમ ડોઝ આપવાની શરૂઆત કરવામાં આવી છે જેમાં તા.૨ એપ્રિલ સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં ૧૮,૯૦૧ લોકોએ કોરોના વેક્સિનનો લાભ લીધો છે. કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લેનારા જૂજ લોકોને તાવ આવવો, માથું દુઃખવું, શરીરમાં કડતર થવું જેવી જૂજ આડઅસર સામે આવી છે. ઈન્ચાર્જ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.કૌશલભાઈ પટેલે પ્રજાને કોઈપણ પ્રકારના ડર વગર કોરોના રસી લેવા જણાવ્યું છે. બાયડ અને મોડાસા તાલુકામાં કોરોનાનો સૌથી વધુ પ્રભાવ જોવા મળ્યો છતાં આ બંન્ને તાલુકામાં કોરોના વેક્સિનમાં ૨ દિવસ દરમ્યાન ઉદાસીનતા જોવા મળી.



કોરોનાએ જિલ્લાના ૬ તાલુકા અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં સકંજો વધુ મજબૂત બનાવ્યો હોવા છતાં અનેક વિસ્તારોમાં શિક્ષિત અને અભણ લોકો આ રીતે પણ કોરોનાની વેક્સિન લેતાં ડરી રહ્યા છે વેક્સિન લેવાનો ઈન્કાર કરી રહ્યા છે. તા.૧ એપ્રિલથી જિલ્લાના અનેક સ્થળોએ ૪૫ વર્ષથી વધુ વયના લોકો માટે મફત કોરોના રસીકરણ અભિયાન શરૂ થયું. કેટલાક વિસ્તારોમાં કોરોના સામે બાથ ભીડવા પ્રજા સ્વયંભુ રસીકરણ કેન્દ્ર ઉપર પહોંચી તો કેટલાક વિસ્તારોમાં ધોમધખતા તાપમાં આરોગ્ય કર્મચારીઓએ ઘેર..ઘેર ફરીને વેક્સિનેશન લેવા માટે અનુરોધ કરવા છતાં સફળતા મળી નથી. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કોરોના વેક્સિનનો વ્યાપ વધારવા માટે યોગ્ય વ્યવસ્થા કરી હોવા છતાં કેટલાક લોકોને તો કોરોના અમને ડંખવાનો જ નથી તેવી વિચારસરણી ધરાવતા હોવાનું બહાર આવ્યું છે. જિલ્લાના ૬ તાલુકામાં દરરોજ ૨૫ હજાર લોકોને કોરોના વેક્સિન આપવાનો આરોગ્ય વિભાગનો કદાચ ટાર્ગેટ હશે પરંતુ પ્રથમ દિવસે ૧૦,૩૭૧ અને બીજા દિવસે ૪-૦૦ વાગ્યા સુધીમાં ૮,૫૩૯ લોકોએ કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લીધાનું જાણવા મળ્યું છે.



## બાયડની પરણિતા પુત્ર સાથે ગુમ થતાં તર્કવિતર્ક દિકરીના ઘરે જવાનું કહી નિકળ્યા પછી ગાયબ

બાયડ ગામના ઠાકોર પરિવારની સીતાબેન અરવિંદભાઈ ઠાકોર તેના ૧૭ વર્ષના પુત્ર દિક્ષિત ઠાકોર સાથે ઘરેથી દિકરીને ત્યાં જવાનું કહી નિકળ્યા પછી ગુમ થતાં તર્કવિતર્ક શરૂ થયા છે. પરિવારે પુત્ર સાથે ગુમ થનાર પરણિતાની શોધ કરી હોવા છતાં કોઈ પત્તો મળ્યો ન હોવાથી બાયડ પોલીસને જાણ કરી છે. પરણિતા ઘરેથી રવાના થયા પછી પોતાની જાતે ક્યાંક ચાલી ગઈ છે કે પછી કોઈ તેનું પુત્ર સાથે અપહરણ તો નથી કર્યું ને..?? વગેરે સવાલોથી ઠાકોર પરિવાર ચિંતિત બન્યો છે.

મહિલાઓ ગુમ થવાના બનાવોએ પોલીસને દોડતી કરી છે. ગુમ થવાના કિસ્સામાં તાત્કાલિક તપાસ કરવાના ઉચ્ચ કક્ષાએથી આદેશો અપાયા છે છતાં ગુમ થવાના અનેક બનાવ વણઉકલ્યા કોયડારૂપ બની રહ્યા છે. બાયડના અરવિંદભાઈ ઠાકોરના પત્નિ સીતાબેન તેમના પુત્ર દિક્ષિત સાથે તા.૨૯ના રોજ બસેડા ગામે દિકરીને ત્યાં જવાનું કહી નિકળ્યા હતા પરંતુ રસ્તામાં રહસ્યમય રીતે ગુમ થયા હતા. જેથી પતિ સહિતના પરિવારજનોએ પુત્ર સાથે ગુમ થયેલ પરિણતાની શોધ શરૂ કરી હતી પરંતુ આજદિન સુધી કોઈ પત્તો મળ્યો ન હોવાથી પરિવારમાં અનેક અમંગળ આશંકાઓએ જન્મ લીધો છે. બનાવ અંગે ગુમ થનાર પરણિતાના પતિની ફરિયાદના આધારે બાયડ પોલીસે જાણવા જોગ નોંધ લઈ ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.



**ટીંટીંસર-સજાપુરમાં કોરોના રસીકરણ**

મોડાસા તાલુકાના ટીંટીસર-સજાપુરમાં કોરોના રસીકરણ શરૂ થયું છે. ૪૫ વર્ષથી વધુ વયના અને ગંભીર બિમારીવાળા લોકોને સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા રસીકરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં મોડાસા તાલુકા પંચાયત પ્રમુખ બિપીનભાઈ પટેલ, મેઢાસણ જિલ્લા પંચાયત સદસ્ય કુલદિપભાઈ ફનાત, યુવા મોરચા ઉપપ્રમુખ ચિંતનભાઈ ચૌધરી, ગ્રામ પંચાયત સરપંચ જે.ડી.પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને લોકોને પણ કોઈપણ પ્રકારના ડર વગર રસીકરણનો લાભ લેવા જણાવ્યું હતું.

## અરવલ્લી જિલ્લામાં પરોઢે ધુમ્મસની ચાદર પથરાઈ, બપોરે પારો ઉંચકાયો

### ૨ ડિગ્રી તાપમાન ગગડતાં રાહત, આજથી ફરી આકરા તાપની ચેતવણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
અરવલ્લી જિલ્લામાં માનવજાત માટે પ્રકૃતિ અને રોગચાળો વેરી બનીને આવ્યો હોય તેવું દેખાય છે. સતત બીજા દિવસે અરવલ્લી જિલ્લામાં પરોઢે ધુમ્મસની ચાદર પથરાતાં વિચિત્ર હવામાનના કારણે દર્દીઓ પરેશાન બન્યા હતા. બપોર થતાં તાપમાનનો પારો ઉંચકાયો હતો. જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રીને આંબ્યું હતું જે અગાઉના તાપમાન કરતાં ૨ ડિગ્રી પારો ગગડ્યો છે છતાં ગરમીમાં પ્રજાને કોઈ રાહત ન મળી અને હવે હવામાન વિભાગે આજથી ફરી તાપમાનનો પારો ઉંચકાશે તેવી આગાહી કરી છે.

ક્લાઈમેન્ટ ચેન્જની ભયંકર અસરો દેખાઈ રહી છે. પ્રજા પ્રકૃતિની જાળવણી નહીં કરે તો આવનારા દિવસોમાં અતિગંભીર પરિણામો માનવજાત ભોગવી શકે તેવી આગાહી વૈજ્ઞાનિકોએ કરી છે. માંડ એપ્રિલ મહિનો શરૂ થયો છે ત્યાં તાપમાનનો પારો ઉંચકાવવા લાગ્યો છે પરંતુ તા.૧ અને ૨ એપ્રિલના રોજ પરોઢે શિયાળો બેઠો હોય તે રીતે મખમલી ઠંડી અનુભવાય છે. શુક્રવારે સવારે એકાએક હવામાન પલ્ટાવ આવ્યા પછી ગાઢ ધુમ્મસ ધરતી ઉપર ઉતરી આવ્યું હતું. કેટલાક પ્રકૃતિ પ્રેમીઓએ હિલ સ્ટેશન જેવો અનુભવ કર્યો પરંતુ અસ્થમા અને કોરોનાના દર્દીઓને શ્વાસ લેવામાં તકલીફ પડવાની સાથે ઓક્સિજન માટે વલખાં મારતા જોવા મળ્યા. સૂર્યના કિરણો ધરતી ઉપર પ્રકાશ પાથરતાં ધુમ્મસ અદ્રશ્ય થયું પરંતુ વિષમ હવામાનના કારણે બાગાયતી પાકો ઉપર નુકસાનની સંભાવના છે. હવામાન વિભાગનું માનીએ તો આજે જિલ્લામાં તાપમાનનો પારો ફરી ૪૧ ડિગ્રીને આંબશે. આ સપ્તાહમાં તા.૫ એપ્રિલ સૌથી વધુ ૪૨ ડિગ્રીએ પહોંચવાની સંભાવના વ્યક્ત થઈ છે.



## અનોખો વિરોધ : જિલ્લામાં સસ્તા અનાજના દુકાનદારો પરિવારના ભરણપોષણ માટે “દાન માંગશે”

### દુકાન બહાર ઘઉં, ચોખા અને ખાંડનું દાનપાત્ર મુકવાનો નિર્ણય, ઓછા વળતર મુદ્દે સરકારની આંખ ખોલવાનો પ્રયાસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૮૦૦થી વધુ સસ્તા અનાજના દુકાનદારોને સરકાર દ્વારા મળતું વળતર કારમી મોંઘવારીમાં ઓછું છે જેના કારણે પરિવારનો નિર્વાહ કરવો મુશ્કેલ બન્યો છે જેથી રાજ્ય એસોસીએશનની સૂચના મુજબ જિલ્લાના સસ્તા અનાજના દુકાનદારો પરિવારના ભરણપોષણ માટે દાન માગી અનોખો વિરોધ કરશે. દુકાન બહાર ઘઉં, ચોખા અને ખાંડનું દાનપાત્ર મૂકવાનો નિર્ણય લેવાયો છે.

રાજ્ય ફેરપ્રાઈઝ શોપ્સ અસોસીએશન દ્વારા રાજ્યપાલને લેખિત રજૂઆત કરવામાં આવી છે જેમાં રાજ્યના ૧૭ હજાર જેટલા સસ્તા અનાજના દુકાનદારો છે જે સરકાર દ્વારા નક્કી કરાયેલ વળતર વ્યાજબી ભાવની દુકાન ઉપર વિતરણ કરાતા જથ્થાના બદલામાં આપવામાં આવે છે. જેની ગણતરી કરવામાં આવે તો આજની સ્થિતિએ સરેરાશ એક સંચાલકને ૧૧ હજાર પ્રતિમાસથી પણ ઓછું કમીશન મળે છે. ઓછા કમીશનથી દુકાનદારોને ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ છે. કમીશનની આવક સામે દુકાનમાં એક સહાયક ઓપરેટર, દુકાનભાડુ, લાઈટબીલ વગેરેનો ખર્ચ થતો હોય છે. અપૂરતા કમીશનના કારણે દુકાનદારો વર્ષોથી મુશ્કેલ ભરી સ્થિતિ અનુભવી રહ્યા છે છતાં કમીશન વધારવાની માંગ સ્વીકારવામાં આવી નથી જેથી પરિવારના ગુજરાન માટે સસ્તા અનાજના દુકાનદારોએ મુઠ્ઠી અનાજ દાન પેટે ઉઘરાવવાનો નિર્ણય કર્યો છે જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના દુકાનદારો રાજ્ય વ્યાપી અનોખા વિરોધને સહયોગ આપશે તો ટૂંક સમયમાં જ સસ્તા અનાજના વિક્રેતાઓ જો ગરીબ રેશનકાર્ડ ધારકો પાસે એક મુઠ્ઠી ઘઉં, ચોખા અને ખાંડનું દાન માગે તો કદાચ નવાઈ નહીં હોય. ફેરપ્રાઈઝ શોપ એસોસીએશન દ્વારા આયોજીત આ અનોખા આંદોલનમાં કહેવાયું છે કે મોટાભાગના સસ્તા અનાજના દુકાનદારો પૌઢા અવસ્થામાં પ્રવેશી ચૂક્યા છે અને તેઓ હાલ આ વ્યવસાય છોડી શકે તેવી સ્થિતિમાં પણ નથી અને અન્ય કોઈ આવકનું સાધન ન હોવાના કારણે સરકારે સસ્તા અનાજના દુકાનદારોને અપાતા વળતરમાં વધારો કર્યો ન હોવાથી હાલત વધુ કફોડી હોવાનો વસવસો રાજ્યપાલને અપાયેલા લેખિત નિવેદનમાં વ્યક્ત કર્યો છે.

### રાજ્ય એસોસીએશનમાં પણ બે ફાંટા, તેમાંના એકનો અનોખો વિરોધ

રાજ્યના સસ્તા અનાજના દુકાનદાર એસોસીએશનોમાં પણ બે ફાંટા પડ્યા છે. ઓલ ગુજરાત ફેરપ્રાઈઝ શોપ અને ફેરપ્રાઈઝ શોપ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર પોતાની પડતર માંગ મુદ્દે સરકાર સામે અલગ રીતે લડત લડી રહ્યા છે ત્યારે ઓલ ગુજરાત ફેડરેશન ફેરપ્રાઈઝ શોપના નિર્દેષ અનુસાર રાજ્ય સહિત જિલ્લામાં સસ્તા અનાજના દુકાનદારો કમીશનનો અન્યાય દૂર કરવા દુકાનની બહાર દાનપાત્ર મૂકી તા.૫ એપ્રિલથી વિરોધ કરશે તેવું જાણવા મળ્યું છે.

## અરવલ્લી પોલીસ તંત્રને નવી આઠ બોલેરો, પાંચ પી.સી.આર. વાન ફળવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
અરવલ્લી જિલ્લામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં સરકારી વાહનો પોલીસ માટે મહત્વનાં સાબિત થતાં હોય છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા નવરચિત અરવલ્લી જિલ્લામાં પોલીસને પેટ્રોલીંગમાં અનુકુળતા રહે તે માટે નવી ૮ બોલેરો તેમજ ૫ પી.સી.આર. વાન ફાળવવામાં આવતાં પોલીસ કર્મીઓએ રાહત અનુભવી છે. ૬ તાલુકામાં અપહરણ, હત્યા, લૂંટ, ઘરફોડ તસ્કરી સહિતના બનાવોમાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચે તેવા આશયે નવા વાહનોની ફાળવણી કરી છે.




નવરચિત જિલ્લાના પાટનગર મોડાસામાં ટ્રાફીકનું નિયમન સુચારૂરૂપ થાય અને સોસાયટી વિસ્તારની સાંકળી ગલીઓમાં પોલીસ આસાનીથી પહોંચી શકે તે માટે પેટ્રોલીંગ કરનાર પોલીસ કર્મીઓને અગાઉ બુલેટ ફાળવવામાં આવ્યા પછી હવે ગૃહ વિભાગ દ્વારા નવા વાહન ફાળવવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ તંત્રને નાઈટ પેટ્રોલીંગ તેમજ મદદ સમયે પોલીસ ત્વરીત ઝડપે પહોંચી શકે તે માટે નવી ૮ બોલેરો અને ૫ પી.સી.આર. વાનની ફાળવણી કરવામાં આવતાં વાહનોની અછત પોલીસ બેડામાં દૂર થઈ છે.



## દુઃખદ અવસાન

બાયડ તાલુકા પ્રજાપતિ સમાજના કારોબારી સભ્ય ઈશ્વરભાઈ પુંજાભાઈ પ્રજાપતિ(રહે.નિરમાલી)નું નિધન થતાં પ્રજાપતિ સમાજમાં શોક છવાયો છે. બાયડ તાલુકા પ્રજાપતિ સમાજના પ્રમુખ અરવિંદભાઈ પ્રજાપતિ(પૂર્વ પ્રમુખ/પક્ષના નેતા : નગરપાલિકા-બાયડ), મહામંત્રી શંકરભાઈ પ્રજાપતિ(પૂર્વ પ્રમુખ : બાયડ તાલુકા તલાટી કમ મંત્રી મંડળ) વગેરેએ તેમના નિધન બદલ ઉંડો શોક વ્યક્ત કર્યો હતો.

## જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ અદેસિંહ એમ. ચૌહાણ રહે. બાયડના તે આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે મોજે ડિસ્ટ્રીક્ટ અરવલ્લી, સબડિસ્ટ્રીક્ટ મોડાસાના મોજે ગામ ખલીકપુર, તા.મોડાસાના રેવન્યુ ખાતા નં.૨૪૬ના રેવન્યુ સર્વે નં.૩૦૦ (જૂનો સર્વે નંબર-૭૩ પૈકી ૯)ની ૦-૦૯-૬૧ હે.આરે.ચોમી., રેવન્યુ સર્વે નં.૩૦૬(જૂનો સર્વે નંબર-૭૩ પૈકી ૭)ની ૦-૧૯-૮૫ હે.આરે.ચોમી. તથા રેવન્યુ સર્વે નં.૩૦૯(જૂનો સર્વે નંબર-૭૩ પૈકી ૮)ની ૦-૧૬-૧૩ હે.આરે.ચોમી. ખેતી લાયક જમીન હાલ પરમાર રઈબેન દાદુભાઈ (આધારકાર્ડ મુજબ નામ-ચાવડા શારદાબેન પુનમચંદ)રહે.રજવાડી ફળી, સર્વોદયનગર, મુ.પો.તા. મોડાસાના નામે ચાલે છે અને આ જમીન તેમની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાવાળી અને બિનતકરારી હોવાનું જણાવી તેઓએ અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લિયર સર્ટીફીકેટની માગણી કરેલ છે. તો આ જાહેર નોટિસ આપી જણાવવાનું કે કોઈપણ વ્યક્તિ, બેન્ક, સંસ્થા કે અન્ય કોઈનો પણ ઉપરોક્ત જમીનમાં લાગ, ભાગ, હક્ક, હિત કે હિસ્સો હોય, કોઈ બાનાખત કરેલ હોય, કોઈપણ જાતનો બોજો કે વાંધો હોય તો દિન-૭માં રજીસ્ટર એડી.થી તમામ આધારપુરાવા સાથે અમોને લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસૂર થશે તો તમામ લાગતા વળગતાઓએ પોતાના હક્કો પરમાર રઈબેન દાદુભાઈ(આધારકાર્ડ મુજબ નામ-ચાવડા શારદાબેન પુનમચંદ)રહે.રજવાડી ફળી, સર્વોદયનગર, મુ.પો.તા.મોડાસાની તરફેણમાં જતા કરેલ છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ ક્લિયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે ત્યારબાદ કોઈનો વાંધો-વિરોધ કે તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**મુ.બાયડ**
**તા.૨/૪/૨૦૨૧**

**અસીલની સૂચના અન્વયે**
**અદેસિંહ એમ. ચૌહાણ, એડવોકેટ/નોટરી**
**ઓફીસ : એફ-૫, શ્રીજી કોમ્પલેક્ષ,**
**પ્રથમ માળ, ચોઈલા રોડ, બાયડ,**
**જિ.અરવલ્લી-૩૮૩૩૨૫**
**મો.૯૪૨૭૬૯૧૬૭૧**